

# ડૉ. લલિતા સોલંકી
## અધ્યક્ષ, કૉમર્સ વિભાગ

કવિ કલાપી અને કવિ રમેશ પારેખ જેવા મૂર્ધન્ય સાહિત્યકારો તથા રાજવીકુળના પ્રદેશ અમરેલી જિલ્લાના કુંકાવાવ (જંક્શન) તાલુકામાં આવેલા સનાળી ગામની પ્રાથમિક શાળામાં સતત ૩૩ વર્ષ સુધી આચાર્યપદે રહેનાર અને સમગ્ર જિલ્લામાં શિક્ષણનો પ્રચાર-પ્રસાર કરનાર મનોરભાઈ દેવજીભાઈ સોલંકીનું સંતાન હોવાને લીધે ડૉ. લલિતા સોલંકીને શૈક્ષણિક મૂલ્યો તેમજ વિદ્યાવ્યાસંગીપણું વારસામાં જ મળેલું.

ડૉ. લલિતા સોલંકીએ રાજકોટ સ્થિત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી ઍડવાન્સ એકાઉન્ટિંગ અને કૉસ્ટિંગ વિભાગમાંથી એમ.કોમ. તેમજ બી.એડ્.માં ૯૨% સાથે ઉત્તીર્ણ થઈ સમગ્ર યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાન મેળવેલું છે.

૧૯૯૮માં સાર્વજનિક કૉમર્સ કૉલેજ, ગોધરા ખાતે કૉમર્સના પૂર્ણકાલીન વ્યાખ્યાતા તરીકે ઉચ્ચ શિક્ષણક્ષેત્રે અધ્યાપનકાર્યની શરૂઆત કરી. ગુજરાત સરકારની ફાજલનીતિના પરિણામે વર્ષ ૨૦૦૮માં સમર્પણ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, ગાંધીનગર ખાતે તેઓની સેવા તબદીલી થઈ અને વર્ષ ૨૦૧૧થી કૉમર્સ વિભાગનાં અધ્યક્ષા તરીકે સેવા આપી રહ્યાં છે.

બે દાયકાની શૈક્ષણિક યાત્રા દરમ્યાન તેઓ ૨૮ જેટલા રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય પરિસંવાદોમાં સહભાગી થયેલાં છે, ૧૨ જેટલાં ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ એટેન્ડ કરેલા છે, તેમજ વિવિધ સામયિકોમાં વિષયને અનુલક્ષીને તેઓના ચાર જેટલા લેખો પ્રકાશિત થયા છે. રાજસ્થાન, ઉદયપુર સ્થિત પેસેફિક યુનિવર્સિટીના વિખ્યાત સંશોધક, માર્ગદર્શક ડૉ. હિમાંશુ મહેતા તથા ડૉ. દિવ્યા હિરનની રાહબરી હેઠળ તેઓએ The Impact of Government Campaign 'Jago Grahak Jago' on Consumer Awareness વિષય પર પીએચ.ડી.ની પદવી વર્ષ ૨૦૧૬માં હાંસલ કરેલ છે.

આ ઉપરાંત તેઓ Gujarat State Electrical Corporation Limitedનાં Women's Development Cellનાં અધ્યક્ષ તરીકે સેવાઓ આપે છે. રાષ્ટ્રીય કક્ષાએ ખ્યાતિ ધરાવનાર, Grand Academic Portal (GAP)નું આજીવન સભ્યપદ ધરાવે છે. તદ્ઉપરાંત બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, સ્ટડી સેન્ટર : 0501, સરકારી આર્ટ્સ કૉલેજ, સેક્ટર-૧૫, ગાંધીનગરમાં પરામર્શક તરીકેની જવાબદારી સંભાળી રહેલાં છે.

સંસ્થાકીય જવાબદારીઓના શ્રેષ્ઠતમ વહન તેમજ સંશોધનક્ષેત્રે પ્રદાન બદલ ઈ.સ. ૨૦૧૮માં ગાંધીનગર ચેરિટેબલ ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટી તેમજ ગુજરાતના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલાબાપુની રાહબરી તળે 'સમર્પણ ગૌરવ સન્માન' પ્રાપ્ત કરેલું છે. તેમજ માર્ચ-૨૦૧૯માં GSECL Women's Development Cell અંતર્ગત Social Outreach Activity માટે ગુજરાત સરકારના શ્રમયોગી કલ્યાણ બોર્ડ તરફથી તેઓને રૂપિયા ૨૯૩૨૩/- નું રોકડ ઈનામ (Cash Award) પ્રાપ્ત થયેલું છે.

વર્તમાન સમયમાં તેઓ સંસ્થામાં ચાલતા Certificate Courses, Value Added Courses, MOOC-SWAYAM Course, Enterpreneurship Development Cell, NAAC-Criterion-01 તથા ગુજરાત સરકારની આત્મનિર્ભર ભારત યોજનાને વેગવાન બનાવવા ઉચ્ચ શિક્ષણક્ષેત્રની Students Startup & Innovation Policy નાં Coordinator તરીકે તેમજ Internal Quality Assurance Cell, Nature-Eco Club Committeeનાં સભ્ય તરીકે પણ પોતાની સેવાઓ બજાવી રહ્યાં છે. કલાસાહિત્યમાં તેઓની ઊંચી સૂઝ અને કુશળ આયોજન કૌશલ્ય તેઓના વ્યક્તિત્વની આગવી વિશેષતા છે.



રજિસ્ટ્રારશ્રી એમ. ડી. પાંડેસાહેબનાં વરદ્ હસ્તે ડૉ. લલિતા સોલંકીને ૨૦૧૮ના વર્ષ માટેનો 'સમર્પણ સન્માન ગૌરવ' એવોર્ડ એનાયત : તા. ૫-૯-૨૦૧૮



સોશિયલ આઉટરિચ - ૨૦૧૯-૨૦, રોકડ ઈનામ રૂ. ૨૩૩૨૯, શ્રી સુનિલ સિંઘી (શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગુજરાત સરકાર) દ્વારા સ્વીકારતાં ડૉ. લલિતા સોલંકી, મહેસાણા ટાઉનહોલ ખાતે



શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯ વિદ્યાર્થી સજ્જતા શિબિર, મહેમાન પરિચય વક્તવ્ય, ડૉ. લલિતા સોલંકી



શૈક્ષણિક વર્ષ ૨૦૧૮-૧૯, નેક પીયર ટીમ સમક્ષ વિભાગીય, પ્રેઝન્ટેશન ડૉ. લલિતા સોલંકી



શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ - In-house Faculty Development Program નાં આયોજક અને ઉદ્‌ઘોષક : ડૉ. લલિતા સોલંકી, સહયોગી એકમ : ગ્રાન્ડ એકૅડેમિક પોર્ટલ, અમદાવાદ



ગ્રાન્ડ એકૅડેમિક પોર્ટલ અને સમર્પણ કોલેજના સંયુક્ત ઉપક્રમે નૅશનલ લેવલ રિસર્ચ કૉન્કલેવ : ૨૦૧૯-૨૦નાં આયોજક અને ઉદ્‌ઘોષક : ડૉ. લલિતા સોલંકી



એન્ટરપ્રિનિયરશિપ અવેરનેસ પ્રોગ્રામ, સેન્ટર ફોર એન્ટરપ્રિનિયરશિપ ડેવલપમેન્ટ, ગુજરાત સરકારનાં પ્રોજેક્ટ લીડર : ડૉ. દર્શિલ ભટ્ટ : આયોજક અને ઉદ્‌ઘોષક : ડૉ. લલિતા સોલંકી (વર્ષ ૨૦૧૯-૨૦)



સેન્ટર ફોર એન્ટરપ્રિનિયરશિપ ડેવલપમેન્ટ (CED), જી.આઈ.ડી.સી., નરોડા ખાતે MoU સંદર્ભે મુલાકાત : ડૉ. લલિતા સોલંકી અને પ્રિ. ડૉ. દીપક પંડ્યા